લાખણી નજીક ગોઢાં રેલવે ફાટક પાસે ટ્રક-મોટરસાઈકલ અથડાતાં ૪ના મોત

ડીસા, તા. ૧૫

ડીસાથી થરાદ જતા મુખ્ય હાઈવે રોડ પર ગોઢાં રેલ્વે ફાટક પાસે ગત મોદી રાત્રે સર્જાયેલા એક ગમખ્વાર અક્સમાતમાં ચાર લોકોના મોત થયા છે. આ મામલે ભીલડી પોલીસે ઘટના સ્થળે પહોચી મૃતકોની લાશોનો કબજો સંભાળ્યો હતો અને ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. જોકે મૃતકો એક જ ગામના રહીશ હોઈ સમગ્ર ગામમાં આ ગોઝારા અકસ્માતથી મોતનો માતમ ફેલાયો હતો.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

આ ગમખ્વાર અકસ્માતની મળતી વિગતો જોઈએ તો ડીસા તાલુકાના નવા નેસડા ગામના રહેવાસી (૧) પોપટજી પથુજી રાઠોડ ઉમર વર્ષ -૪૮ (૨) રાઠોડ ઉમર વર્ષ- ૪૫ મોડી રાત્રે રઘુભાઈ નાનાભાઈ રાઠોડ ઉમર વર્ષ- ૨૫ (૩) ભરતભાઈ માનસિંગભાઈ મકવાણા ઉમર વર્ષ-૨૪ (૪) હરીરામ બાબાજી અનેકો વાહનો ઉભા હતા. જેમાં એક જ મોટરસાયકલ પર ચાર જણા સવાર થઇ લાખની ગામ તરફ રવાના થયા હતા. જોકે ગોઢાં રેલ્વે ફાટક પાસે ફાટક બંધ હોઈ ઉભેલું ટ્રક દેખાયેલ નહિ અને ફૂલ એક ડમ્પર ટ્રક પણ ઉભું હતું. રાત્રી સમયે ચાર સવારી મોટરસાયકલ પર નીકળેલા આ મુસાફરોમાં ચાલકને કોઈ કારણોસર રોડ પર સ્પીડે ચાલતી આ મોટરસાયકલ ધડાકાભેર ઉભેલી ટ્રક સાથે અથડાતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક વ્યક્તિનું ગળું ધડથી અલગ થઈ ગયું હતું. જયારે અન્યોને પણ માથાના ભાગે ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ ઉના કમકમાટીભર્યા મોત નીપજય હતા. જયારે અન્ય ચોથા મુસાફરની ડીસા સિવિલમાં સારવાર દરમ્યાન મોત થતા આ અકસ્માતમાં ચાર લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ મામલે ભીલડી પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે મુખ્ય હાઈવે વિસ્તારમાંથી પસાર થતાં ટ્રેકટર, ટ્રોલી અને મોટાભાગની ટ્રકોમાં આગળ-પાછળ મોટર વ્હીકલ એકટનાં કાયદા અને આર.ટી.ઓ. વિભાગના નિયમો મુજબના રિફલેકટર લગાવતા નથી. જેનાથી સામેથી આવતા વાહનોની હેડ લાઈટના પ્રકાશમાં રોડ સાઈડમાં ઉભેલા વાહનો સાથે અન્ય વાહનો અકસ્માતથી અથડાતાં આવા ગમખ્વાર અકસ્માતો સર્જાતા અનેકોએ જીવ ગુમાવ્યા છે ત્યારે તંત્ર આ મામલે જાગૃતિ દાખવે તો આવા અનેકો અકસ્માતો નિવારી શકાય છે.

ડીસાની ૨૨ વર્ષીય સગર્ભાનું શંકાસ્પદ સ્વાઈન ફ્લુમાં મોત

ડીસા, તા. ૧૫

ગુજરાતમાં વકરતાં જતા સ્વાઈન ફ્લુનો કાળ પંજો ઉત્તર ગુજરાત સુધી લંબાતા અહી ૧૬ લોકોના મોત નોધાયા છે. જયારે અનેકો શંકાસ્પદ લક્ષણો ધરાવતાં અહી લોકોમાં સ્વાઈન ફ્લુનો ભય યથાવત રહ્યો છે. ત્યારે બનાસકાંઠાના ડીસામાં સુન્દરમ સોસાયટીમાં રહેતી ૨૨ વર્ષીય સગર્ભા યુવતી શંકાસ્પદ સ્વાઈન ફ્લુના લક્ષણો સાથે અમદાવાદ ખસેડતા ત્યાં તેનું શનિવાર ની મોડી રાત્રે કરુણ મોત થયું છે.

આ બાબતે ડીસાના તાલુકા હેલ્થ અધિકારી ડો. ઉમેશભાઈ ઝવેરીએ જણાવેલ કે ડીસાના સુન્દરમ સોસાયટી ખાતે રહેતા વીણાબેન રાહુલભાઈ શ્રીમાળી ઉમર વર્ષ ૨૨ વાળા મહિલા દર્દી ને શરદી, તાવ,ખાંસીના લક્ષણો જણાતા તેમને ડીસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. આ મહિલા સગર્ભા હતી. ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમ્યાન તેમની તબિયત બગડતા તેમને વેન્ટીલેટર પર રખાયા હતા. જોકે તે બાદ તેમને ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી અને ત્યાંથી પાલનપુર ખાતે રીફર કરાયા હતા. જોકે પાલનપુરથી ગતરાત્રીએ સનિવારે આ મહિલા દર્દીને અમદાવાદ ખસેડાયા હતા. જયાં તેમનું મોત થયું છે. જોકે આ મહિલા દર્દી શંકાસ્પદ લક્ષણો ધરવતા હતા પરંતુ તેમનો રીપોર્ટ કરાવાય તે પહેલા તે મૃત્યુ પામ્યા હતા. આ મૃત મહિલાની સારવાર અમદાવાદ કરી હોઈ આ કેશની વિગતો હાલ ત્યાંથી મંગાવી હોવાનું તેમને જણાવ્યું હતું.

તેમને વધુમાં જણાવ્યું હતું કે - આ મહિલા દર્દીના શંકાસ્પદ મોત બાબતે તેમના રહેણાક વિસ્તાર આજુબાજી સર્વેની કામગીરી હાથ ધરાઈ છે અને અન્ય કોઈ સગા કે રહીશોને તાવ શરદી ઉધરસ જેવા લક્ષણો જણાશે તો ઉચિત સારવાર કરાશે તેમજ આરોગ્ય વિભાગની ટીમો ૨૪ કલાક તબીબી સેવા આપી રહી છે. આપને તાવ શરદી કે ઉધરસ જેવા લક્ષણો જણાય તો તુરંત નજીકની હોસ્પિટલમાં સારવાર લેવી. જયારે બીજી તરફ બનાસકાંઠાના ડીસામાં ૨૨ વર્ષીય મહિલાનું શંકાસ્પદ સ્વાઈન ફ્લુથી મોત થતાં આ રોગથી લોકોમાં ભારે ભય ફેલાયો છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરમાં વર્લ્ડ મેડીકલ એસો.ના પ્રમુખનું સન્માન કરાયું

પાલનપુરમાં શનિવારે એન.આઈ.બી. સ્કૂલ ખાતે ઈન્ડિયન મેડીકલ એસોસિએશન પાલનપુર દ્વારા વર્લ્ડ મેડીકલ એસો.ના પ્રમુખનો સન્માન સમારોહ યોજાયો હતો. વર્લ્ડ મેડીકલ એસોસિએશન ૨૦૧૬ના પ્રમુખ તરીકે ગુજરાતના ડૉ. કેતન દેસાઈની વરણી કરવામાં આવી છે. ત્યારે શનિવારે ડૉ. કેતન દેસાઈ તેમજ એસો.ના પ્રમુખ માઈકલ મોર્મોરનો પાલનપુરમાં એન.આઈ.બી. સ્કૂલ ખાતે સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં બંને મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. સુરેન્દ્ર ગુપ્તા, ડૉ. ગીરધર પટેલ, ડૉ. સુનીલ આચાર્ય, સહિત આઈ.એમ.એ.ના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

ધનસુરાના રમોસ હાઈસ્કૂલના બાળકોની માનવતા મહેંકી ઉઠી

બાળકોએ પાંચ હજાર રોકડ ભરેલું પાકીટ આચાર્યને જમા કરાવ્યું : ગ્રામજનોએ છાત્રોની પ્રામાણિક્તા બિરદાવી

વડાગામ, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના રમોસ ગામની એચ. એન. શાહ હાઈસ્કૂલના બે વિદ્યાર્થીઓને બિનવારસી હાલતમાં પાકીટ શાળાની બહાર રોડ પર પડેલું મળી આવતાં બન્ને વિદ્યાર્થીઓએ પ્રામાણિક્તાપૂર્વક શાળાના આચાર્યને સોંપી દેતા શાળા પરિવારે બન્ને વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

રમોસ ગામમાં એમ. એન. શાહ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા અને ધોરણ-૯ના બે વિદ્યાર્થી યશ પટેલ અને ધવલ પટેલ રીશેષના સમયમાં શાળાની બહાર કામ અર્થે નિકળ્યા હતા ત્યારે રોડ પર પસાર થતાં તેમની નજર બિનવારસી હાલતમાં પડી રહેલા પાકીટ પર પડતાં પાકીટ ઉઠાવી તેમને શાળાના આચાર્ય મહેશ પટેલને જમા કરાવ્યું હતું. આચાર્યએ પાકીટની તપાસ કરતાં અંદરથી પાંચ હજાર રોકડા જણાઇ આવ્યા હતા. હાઈસ્કૂલના આચાર્યએ બંને વિદ્યાર્થીઓની પ્રમાણિક્તા જોઇ આ બંને વિદ્યાર્થીઓને પ્રાર્થના સભામાં તેમના દ્વારા આચરેલી પ્રામાણિક્તાને બિરદાવી હતી. આ બંને બાળકોની નિષ્ઠા અને પ્રામાણિક્તા બદલ સર્વે ટ્રસ્ટીઓ, શિક્ષકો તથા હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા બાળકોએ બિરદાવ્યા હતા. આ ઘટનાની જાણ રમોસ ગામના પ્રજાજનોને થતાં પ્રજાજનોએ પણ આ બંને વિદ્યાર્થીઓની સરાહના કરી હતી અને શાળાના આચાર્ય અને શિક્ષકોનો પણ ગ્રામજનોએ સારા સંસ્કાર આપવા માટે શાળા પરિવારની સરાહના કરી હતી.

ટાઈમલાઈન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયોતિષશાસ્ત્ર કહે છે. હાલ તો લગ્ન કરાવનારા પંડિતો અને મેરેજના બિઝનેસ સાથે સંકળાયેલા લોકો ચિંતામાં મૂકાયા છે. જયોતિષશાસ્ત્રના મતે ૧૪મી જુલાઇના દિવસે સવારે છ વાગ્યે ને ૧૫ મિનિટથી બૃહસ્પતિનો યોગ સર્જાયો છે. આ યોગ દરેક લગ્નોત્સુક યુવક-યુવતિઓને પરેશાન કરે છે. કારણ એવું બતાવવામાં આવે છે કે આ યોગમાં લગ્ન કરવાથી દાંપત્યજીવનમાં ખટરાગ આવે છે. ક્યારેક છૂટાછેડા સુધીની નોબત આવે છે. આ કારણ હોવાથી ક્યા મા-બાપ તેમના સંતાનોના લગ્ન કરે!!*

નમસ્તે કહેતા શરમ આવે છે ...

આપણે ત્યાં બે હાથ જોડીને નમસ્તે કહેવાની પ્રથા સૈકાઓ જૂની છે. આ પ્રથાના કારણે બીજાના હાથમાં રહેલા રોગના જીવાણું તમારા શરીરમાં દાખલ થતા નથી. આ એક સાયન્ટીફિક રિઝન પણ છે. સ્વાઈન ફ્લુ પહેલીવાર જયારે દેખાયો ત્યારે લોકોએ હાથ મિલાવવાની જગ્યાએ નમસ્તેની પ્રથા સ્વિકારી હતી. જો કે હવે આટલા વર્ષો પછી ઘર કરી ગયેલા સ્વાઈન ફ્લુ માં નમસ્તે કહેતા લોકોને શરમ આવે છે. આપણે તો હાથ મિલાવવામાં ફેશનેબલ લાગીએ એટલે નમસ્તે કોણ કરે... કચ્છના ગ્રામ્યવિસ્તારમાં હજી આ પ્રથાનું ચલણ છે. નેપાળમાં પણ નમસ્તેની હિન્દુ સંસ્કૃતિને અનુરૂપ પ્રથા છે. આપણે તો વેસ્ટર્ન કલ્ચરનું અનુકરણ કરી દીધું છે...

અમિત શાહના કારણે જય લોકપ્રિય ...

હમણાં અમદાવાદમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહના પુત્ર જયના લગ્નનો સમારંભ યોજાઇ ગયો. રિસેપ્શનમાં હજારોની જનમેદની ઉમટી પડી હતી. અમદાવાદમાં અમિત શાહ અને જય એટલા લોકપ્રિય બન્યા છે કે એસટી બસનો ડ્રાઇવર રિસેપ્શનના સ્થળને સામેથી બતાવતો હતો. એક પરિવાર ૧૨મી ફેબ્રુઆરીએ સાંજે ગાંધીનગરથી બસમાં જયના રસેપ્શનમાં જવા માટે બેઠું હતું તેમને કર્ણાવતી ક્લબ જવાનું હતું પરંતુ ત્યાં બસ સ્ટોપેજ નહી હોવાથી એક કિલોમીટર સુધી ચાલવું પડે તેમ હતું. આ પરિવારના મોભીએ બસ ડ્રાઇવરને કહ્યું કે અમારે કર્ણાવતી ક્લબ જવું છે. ડ્રાઇવરે તરત જ કહ્યું કે જયના રિસેપ્શનમાં જવું છે ને.. કંઇ વાંધો નહી, કર્ણાવતી ક્લબ સામે બસ ઉભી રાખીશું ઉતરી જશો...

ઘર ઘર મોદીની જેમ હવે પંચવટી ફોર્મ્યુલા ...

ઘર ઘર મોદી.. એવું સૂત્ર લોકસભાની ચૂંટણી સમયે વહેતુ થયું હતું પરંતુ આ સૂત્રને હવે વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓએ સંભાળી લીધું છે. ઘર ઘર મોદીની જગ્યાએ પરિષદના નેતાઓએ ઘર ઘર તુલસીનું સૂત્ર વહેતું કર્યું છે. પરિષદ પંચવટી યોજના હેઠળ ભારતના પ્રત્યેર ઘરમાં તુલસીના પ્લાન્ટનું વિતરણ કરશે. કુલ બે લાખ ગામડાઓમાં તુલસીના પ્લાન્ટ આપવાનું આયોજન છે. વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરોનો આ પ્લાન જૂન મહિનામાં શરૂ થશે અને જુલાઇ મહિનામાં પૂર્ણ થશે. જો કે આ પ્રોજેક્ટ સાથે પરિષદ ૬૦૦ જેટલા હિન્દુ સંમેલનો કરવાનો ઇરાદો ધરાવે છે. એ સાથે અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ હેતુસર માર્ચની ૨૧-૨૨ તારીખે રામ મહોત્સવ મનાવશે જે પહેલી એપ્રિલ સુધી ચાલશે...

હવે રાહુલની તાજપોશીનો સમય ...

કોંગ્રેસનો ચહેરો બદલાઇ રહ્યો છે. સોનિયા ગાંધી કે જેઓ કોંગ્રેસના પ્રેસિડેન્ટ છે તેમની જગ્યાએ રાહુલ ગાંધીની તાજપોશીનો સમય આવ્યો છે. સૂત્રો કહે છે કે એપ્રિલ મહિનામાં કોંગ્રેસના રાષ્ટ્રીય તેમજ પ્રાદેશિક માળખામાં ઘરખમ ફેરફાર થશે. કોંગ્રેસમાં પ્રિયંકા લાવો તેવી ઝૂંબેશ દિલ્હીના ઇલેક્શન પરિણામો પછી શરૂ થઇ હતી પરંતુ ગાંધી પરિવાર પ્રિયંકાને લાવવાના મૂડમાં નથી. રાહુલ ગાંધી કે જેઓ કોંગ્રેસનો યુવા ચહેરો માનવામાં આવે છે તેમને સંપૂર્ણ સત્તા આપવાનું પ્લાનિંગ ચાલી રહ્યું છે. જો તેમ થશે તો રાજયોના કોંગ્રેસના સંગઠનોમાં પણ મોટા ફેરફારો થવાની સંભાવના છે. ગુજરાતમાં પણ બદલાવ નિશ્ચિત માનવામાં આવે છે...

મોદી ભગવાન બનવા માગતા નથી ...

ગુજરાતમાં ભાજપ, ખાસ કરીને મોદીના પ્રેમી એવા રાજકોટના એક વેપારીએ મોદી મંદિર બનાવવાનું નક્કી કર્યું હતું પરંતુ પ્રાઇમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીની એક ટ્વિટના કારણે આ પ્રેમીએ મંદિર બનાવવાનો પ્લાન પડતો મૂક્યો અને એ સાથે રાજકોટ વહીવટીતંત્રએ મંદિરને ભૂક્કો કરી નાંખ્યું.. સારી બાબત છે, કારણ કે માનવી ક્યારેય ભગવાન બની શકતો નથી. જેણે ભગવાન બનવાનો પ્રયાસ કર્યો છે તેનું પતન નિશ્ચિત થયું છે. મોદીને આ મંજૂર નથી. મોદીએ અગમચેતી વાપરીને ગુજરાતના તેમના પ્રેમીને સાવધ કરી દીધા અને પ્રોજેક્ટ પડતો મૂકાયો. નવાઇની બાબત એવી છે કે રાજકોટના સંસદસભ્ય ૧૫મી ફેબ્રુઆરીએ મોદી મંદિરનું ઉદઘાટન કરવા પણ તૈયાર થઇ ચૂક્યા હતા. તેમને મોદીએ વન ટુ વન શું કહ્યું હશે તેની કલ્પના થઇ શકે છે. હાશ, મોદીની રાજકીય કારકીર્દીને એક દાગ લાગતો અટકી શક્યો છે...

મોદીના ટેગ માટે લાઇનો લાગી છે ...

મોદીના નામનો ઉપયોગ કરવામાં ગુજરાતે પાછી પાની કરી નથી. મોદીના નામે સચિવાલયમાં વહીવટ કરનારા લોકો પોલીસમાં પકડાયા છે. મોદીનું નામ દઇને વીવીઆઇપી બની ચૂકેલા નેતાઓની ગુજરાતમાં લાઇન લાગી હતી. મોદીનો ટેગ મળે એટલે લોકો એવું માનતા કે આપણે તરી ગયા... હવે હિન્દુસ્તાન પણ આ પગલે છે. હિન્દુસ્તાનના ભાજપ સહિતના નોન ભાજપ નેતાઓ મોદીના નામનો ક્યાંયને ક્યાંય ઉપયોગ કરી રહ્યા છે. કોંગ્રેસના શશી થરૂર હોય કે યુપીના મુલાયમસિંહ, પ્રત્યેકને મોદીના નામનો ઉપયોગ કરવો છે. ગુજરાત કોંગ્રેસે મોદીના નામનો જે જગ્યાએ ઉપયોગ કર્યો ત્યાં કોંગ્રેસને પરિણામો મળ્યા છે. જેમણે સારા કામ માટે કર્યો તેઓ તરી ગયા અને જેમણે ટીકા કરી તેઓ ખોવાઇ ચૂક્યા છે. એક નામમાં કેટલો પ્રભાવ છે તે હવે હિન્દુસ્તાનના નેતાઓને સમજાયું છે...

સચિવાલયમાં હજી પણ મોદી ગૂંજ ...

ગાંધીનગરના સચિવાલયમાં મોદી ગૂંજ હજી અકબંધ છે. કેબિનેટના પ્રધાનો મોદીના નામનો ઉપયોગ કરીને ઓફિસરોને કાબૂમાં રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઓફિસરો પણ હું દિલ્હી જઇ રહ્યો છું... તેવું કહીને તેમના તાબાના કર્મચારીઓને કાબૂમાં રાખવાનો પ્રયાસ કરે છે. પાર્ટીના સંગઠનમાં પણ મોદીનો હાઉ હજી એવો અકબંધ છે. મોદી પાછા ફરીથી ચીફ મિનિસ્ટર થવાના નથી તે ખબર હોવા છતાં તેમના નામે દેખાડવામાં આવતો રોફ આજેપણ લેશમાત્ર ઓછો થયો નથી. સ્વર્ણિમ સંકુલમાં દાખલ થતાં જ મુલાકાતીને મોદીના નામના ભણકારા વાગે છે. આપણે મોદીના રસ્તે ચાલી રહ્યા છીએ અને તેમની જ યોજનાઓને આપણે આગળ વધારવાની છે તેવી રેકોર્ડ બ્યુરોક્રેસીમાં હજી વાગે છે. ત્યારે ગુજરાત સરકારે ચાર-પાંચ સનદી ઓફિસરોને ડેપ્યુટેશન ઉપર દિલ્હી મોકલવાની તજવીજ શરૂ કરી છે...

ટ્રાન્સફર-પ્રમોશનની ફાઇલ અકબંધ ...

ગુજરાતના વહીવટી તંત્ર અને પોલીસ તંત્રમાં ટ્રાન્સફર અને પ્રમોશનની ફાઇલ સીએમઓમાં અકબંધ પડી છે. પહેલા તબક્કે જિલ્લા વહીવટી તંત્રમાં ફેરફારો આવી રહ્યા છે. બીજા ક્રમાંકે આઇએએસ ઓફિસરોને પ્રમોશન આપવાનું કામ ચાલે છે. ત્રીજા ચરણમાં ઓફિસરોની બદલીઓનો દોર છે. હાલ બજેટનું કામ ચાલુ હોવાથી આ ફાઇલ થોડો સમય મુલત્વી રાખવામાં આવી છે પરંતુ ચાલુ બજેટ સત્રમાં પણ બદલીઓ થઇ શકે છે, કારણ કે બજેટની કામગીરી પૂર્ણ થઇ છે, હવે તો પ્રાથમિક જાહેરાતો થવાની છે. જો કે સચિવાલયના સૂત્રો કહે છે કે હવે પછીના વહીવટી ફેરફારો અત્યંત ચોંકાવનારા હોઇ શકે છે. કલ્પના નહી કરી હોય તેવા ઓફિસરોને પ્રાઇમ પોસ્ટીગ મળશે અને સાઇડ પોસ્ટીગ પણ..!! ગમે ત્યારે યાદી સંભવ છે...

ખુશ્બુ ગુજરાત કી ... ટુરિસ્ટ વધ્યા ...

ગુજરાતમાં ૨૦૦૫ના આંકડા પ્રમાણે એક કરોડ ટુરિસ્ટ આવ્યા હતા, જે આંકડો પ્રતિવર્ષ સતત વધતો રહ્યો છે. ખુશ્બુ ગુજરાત કી કેમ્પેઇન પછી ટુરિસ્ટની સંખ્યામાં સૌથી મોટો વધારો જોવા મળ્યો છે. પ્રાપ્ત થતા સરકારી આંકડા પ્રમાણે ૨૦૧૧માં ૧.૯૦ કરોડ, ૨૦૧૨માં ૨.૪૪ કરોડ, ૨૦૧૩માં ૨.૭૪ કરોડ અને ૨૦૧૪માં ૨.૮૭ કરોડ ટુરિસ્ટ જોવા મળ્યા હતા. ગુજરાતમાં યુકે. યુએસએ, ચાઇના, સિંગાપોર, કેનેડા, જર્મની, ઇટાલી, ફ્રાન્સ જેવા દેશોમાંથી ટુરિસ્ટ વધારે પ્રમાણમાં આવે છે. અન્ય દેશોમાંથી આવતા ટુરિસ્ટની ટકાવારી ૩૦ છે. સૌથી વધુ ૨૨ ટકા યુકે અને ૧૦ ટકા ફ્રાન્સથી આવે છે.

આક્રમક આરંભ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓછું નોંધાય છે. ત્યાંથી પણ આગામી સપ્તાહ દરમિયાન ઠંડી સંપૂર્ણપણે વિદાય લઈ લેશે. હવે આગામી દિવસોમાં રાત્રીનું અને દિવસનું તાપમાન વધતુ જશે. દૈનિક ૧ થી ૨ ડિગ્રી તાપમાન ઉપર ચડે તેવી સંભાવના છે. આગામી દિવસોમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીની ઉપર જાય તેવી સંભાવના છે. પખવાડિયા બાદ તો બપોરે આકરા ઉનાળાની ગરમીનો અહેસાસ થશે.

ફર્ટીલીટી મેપ તૈયાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે અને આ મેપ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જિલ્લાના ૩૦૦ ગામમાંથી ૧૨૪ ગામોના માઈક્રો ન્યુટ્રીયન્ટ ફર્ટીલીટી મેપ તૈયાર થઈ ગયા છે અને તે જે તે ગ્રામ પંચાયતને સોંપી દેવામાં આવ્યા છે. હજુ ૧૭૬ ગામોને આવા મેપ તૈયાર કરીને આપાવમાં આવશે. ગાંધીનગર જિલ્લાની જમીન રેતાળ, ગોરાડુ છે. આ જમીનમાં નાઈટ્રેટ સહિતના તત્વો કેટલા છે તેનું ચિત્ર સ્પષ્ટ થશે. જો કે જિલ્લામાં ઉધઈનું પ્રમાણ ચિંતાજનક છે તેમજ ઉંદરોનો ત્રાસ પણ વધુ હોવાથી ખેડૂતોને ઘણું મોટું નુકસાન સહન કરવું પડી રહ્યું છે.

સ્વાઈન ફ્લુનો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને વધી રહેલા કેસોને ધ્યાને લેતાં વધુ એક નવો વૉર્ડ શરૂ કરવાનો નિર્ણય હોસ્પિટલના સત્તાવાળાઓએ લીધો છે. નવા વૉર્ડમાં વધુ ૧૧ પથારીની સુવિધા ઉભી કરવામાં આવેલ છે.ગાંધીનગર શહેર અને જિલ્લામાં જે ઝડપથી સ્વાઈન ફ્લુના કેસો વધી રહ્યા છે તેનાથી પ્રજામાં પણ ભારે ભયની લાગણી પ્રસરી જવા પામી છે. બીજી તરફ આયુર્વેદ દ્વારા રોગપ્રતિકારક શક્તિ માટે ઉકાળા વિતરણને વધુ સઘન બનાવવામાં આવ્યું છે. ૩૦ હજારથી પણ વધુ લોકોને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

ક્રિકેટ ઘેલા બન્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. આ મેચમાં જેમ જેમ વિરાટ કોહલી, શિખર ધવન કે સુરેશ રૈના બાઉન્ડ્રી ફટકારતા હતા ત્યારે ત્યારે લોકો ચિચિયારીઓ પાડીને વધાવતા હતા. આ ઉપરાંત ચૌરે-ચૌટે, પાનના ગલ્લાઓ પર, હોટલોમાં, ચાની કિટલીઓ પર ઠેર ઠેર લોકોએ મેચ જોવા ભીડ જમાવી હતી. ઘણા ઘરોમાં લોકોએ આડોશી પડોશીઓ સાથે અથવા મિત્રો મેચ જોવાનો આનંદ ઉઠાવ્યો હતો. બસો, જીપો અને રીક્ષાઓમાં પણ મુસાફરો મેચની ચર્ચા કરતા નજરે ચઢ્યા હતા. જેમ જેમ પાકિસ્તાનની વિકેટ પડતી હતી તેમ તેમ ફટાકડા ફૂટવાના અવાજમાં વધારો થતો હતો અને અંતમાં આખરી વિકેટ પડતા ક્રિકેટ રસિયાઓએ ફટાકડા ફોડીને વિજયોત્સવ મનાવ્યો હતો. ભારતના પ્રથમ મેચમાં પણ પાકિસ્તાન સામે વિજયથી હવે નગરજનોમાં પણ ક્રિકેટ ફીવર સંપૂર્ણ રીતે ચઢી જવા પામ્યો છે.

કારને ટક્કર મારી.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિવૃત્ત પોલીસ અધિકારી જણાતા આડેધ ચાલકને બેઠો માર પણ વાગ્યો હતો. આ ઉપરાંત તેમની કારને પણ ઘણુ નુકશાન થવા પામ્યું હતું. આ કારનો દરવાજો પણ માડં માંડ ખોલી શકાયો હતો અને ચેસીસ વળી જવા પામી હતી. આ ટક્કર માર્યા બાદ વેગનઆર પૂરપાટ ઝડપે ભાગી ગઈ હતી. પરંતુ આ અકસ્માત સમયે પાછળથી આવી રહેલ અન્ય કારચાલકે તેનો પીછો કરી ચ-રોડ પર પંચદેવ મંદિર નજીક કારને ઓવરટેક કરી થોભાવી ઝડપી પાડી હતી. આ કારની તપાસ કરતાં તેમાં ચાર નવયુવકો દારૂ પીધો હોય તેમ નશો કરેલી હાલતમાં હોવાનું માલુમ પડ્યું હતું. જેમને પોલીસને સોંપવાની કવાયત હાથ ધરી હતી.

શાનદાર વિજય.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઝડપથી વિકેટો ગુમાવી હતી અને છેલ્લી ઓવરમાં રન ઉમેરાઈ શક્યા ન હતા. ભારતે વર્લ્ડકપમાં પાકિસ્તાન સામે જીતનો સિલસિલો જારી રાખ્યો હતો અને વર્લ્ડકપમાં તેની સતત છઠ્ઠી જીત મેળવી હતી. જીતવા માટેના ૩૦૧ રનના લક્ષ્યાંકનો પીછો કરતા પાકિસ્તાનની ટીમ કોઈ વધારે સમય સુધી મેદાન પર ટકી શકી ન હતી. પાકિસ્તાનની ટીમ ૨૨૪ રન બનાવી ૪૭ ઓવરમાં ઓલઆઉટ થઈ હતી.

પાકિસ્તાન તરફથી મિસ્બાહ ઉલ હકે સૌથી વધુ ૭૬ રન ફટકાર્યા હતા જ્યારે ઓપનિંગ બેટ્સમેન અહેમદ શહેજાદે ૪૭ અને હારિશ સોલેહે ૩૬ રન કર્યા હતા. ભારત તરફથી બોલિંગમાં મોહમ્મદ સામીએ ૩૫ રન આપી ચાર વિકેટ ઝડપી હતી જ્યારે ઉમેશ યાદવ અને મોહિત શર્માએ બે-બે વિકેટ ઝડપી હતી. ભારતની ઈનિંગ્સમાં છેલ્લી ઓવરમાં ખુબ જ ધબડકો થયો હતો જેથી ભારતીય ટીમ અપેક્ષા કરતા ઓછો જુમલો ખડકી શકી હતી. એક વખતે ભારતે ૪૫.૨ ઓવરમાં ત્રણ વિકેટે ૨૭૩ રન કર્યા હતા અને લાગી રહ્યું હતું કે, ભારત ૩૫૦ કરતા પણ વધુ રન બનાવશે પરંતુ રવિન્દ્ર જાડેજા, ધોની, રહાણે સસ્તામાં પેવેલિયન ભેગા થયા હતા. જાડેજા ૩, રહાણે શૂન્ય, અશ્વિન એક રન કરી શક્યા હતા. ધોની પણ માત્ર ૧૧૮ રન કરી શક્યો હતો. અગાઉ આજે સવારે વર્લ્ડકપની ચોથી મેચમાં ભારતીય કેપ્ટન ધોનીએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. મેદાન ઉપર ૫૩૦૦૦થી વધુ ચાહકો ઉપસ્થિત રહ્યા હોવાનું પ્રાથમિકરીતે જાણવા મળ્યું છે. મેન ઓફ દ મેચ તરીકે વિરાટ કોહલીની પસંદગી કરાઈ હતી. આ જીત સાથે ભારતને બે પોઈન્ટ મળ્યા હતા.

(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લાના શિવાલયોમાં શિવરાત્રી પર્વની તડામાર તૈયારીઓ

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં ૫૦૦થી વધારે પણ શિવમંદિર આવેલા છે. મહાશિવરાત્રીના પર્વને બે જ દિવસનો સમય બાકી હોવાથી શિવાલયોમાં ઉજવણીની તૈયારીઓ હાથ ધરાઈ છે અને શિવમંદિરોમાં ૮ પ્રહરની પૂજા અને ખાસ અભિષેકના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. અરવલ્લી જિલ્લાના શિવાલયો દર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠશે.

અરવલ્લી જિલ્લામાં શિવભક્તો મહાશિવરાત્રી પર્વને બે જ દિવસનો સમય બાકી હોવાથી ઘેલમાં આવી ગયા છે અને ભગવાન ભોળાનાથને રિઝવવા થનગની રહ્યા હોવાથી તેમજ આ પવિત્ર દિવસે જિલ્લાના પ્રાચીન શિવ મંદિરોમાં અષ્ટપ્રહરની પૂજા તેમજ લઘુરુદ્ર યજ્ઞના આયોજનો કરવામાં આવ્યા છે. આ શિવરાત્રીના પર્વમાં શિવાલયો 'હર હર મહાદેવ', 'જય ભોલેનાથ', 'બમબમ ભોલે'ના નાદથી ગુંજી ઉઠશે.

ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ.
(ગુજરાત સરકારનું સાહસ)
બીજ ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર -૩૮૨૦૧૦
ફોન નં. ૨૩૨૫૬૬૭૭, ૨૩૨૫૬૬૬૮૪
CIN NO. U65410GJ1975SGC002693

જાહેર નિવિદા

ગુજરાત રાજ્ય બીન નિગમ લિ., ગાંધીનગરને ૧૪ પૌંડ સુતળીનો અંદાજે ૧૫૦૦ કિ.ગ્રા. જથ્થો ખરીદવાનો હોઈ રસ ધરાવતી પાર્ટીઓએ રજાઓના દિવસો સિવાય ૧૬-૨-૨૦૧૫ થી ૭-૩-૨૦૧૫ સુધીમાં ટેન્ડર ફોર્મ મેળવી બંધ કવરમાં ઓફર તા. ૯-૩-૨૦૧૫ રોજ ૧૪.૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે.

(બી. એમ. મોદી)
મેનેજીંગ ડીરેક્ટર